રજુ તારીખ :
દાખલ તારીખ :
ફૈસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ) ના ચીફ . જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૩૪૦૨/૧૯**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિરૂ ધ્ધ.

આરોપી : રાજેશ મંગાજી ઠાકોર

ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી તર્ફે વિ.વ.શ્રી.
**ગુનો : ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૭ એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪**

**–: ચૂ કા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

**આ કામના આરોપીએ ચાર્જશીટમા દર્શાવેલ વિગતે પોતાના હવાલા વાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી** ફરીયાદી/સાહેદને ટકકર મારી પાડી દઈ શરીરના જુદા જુદા ભાગે લજાઓ પહોંચાડી, ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૭,૪૨૭ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪,૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી આંક– ....... થી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક– ......... થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આજરોજ આપી ગુનો કબુલ કરવા માંગીએ છીએ, તેમ જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હું ક મ : –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી,ઈ.પી.કો.ક. ૨૭૯ મુજબના ગુનામાં રૂા.૩૦૦ /– અંકે રૂપિયા ત્રણસો પુરા, ઈ.પી.કો.ક. મુજબના ગુનામાં રૂા. /– અંકે રૂપિયા પુરા, એમ.વી.એકટની કલમ ૧૮૪ મુજબના ગુનામાં રૂા. ૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા, આમ સદરહુ આક્ષેપ અંગે કુલ્લે દંડ રૂ.૬૦૦/– અંકે રૂપીયા છસો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દીન–સાત ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો ૭ મી માર્ચ સને ૨૦૧૯ નારોજ જાહેર કર્યો.

તા. 9.3.2019
સ્થળઃ– મીરજાપુર,અમદાવાદ

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ ગ્રામ્ય મીરઝાપુર અમદાવાદ